Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 1
Name : _______________

PAY CENTER KUMAR
SHALA RANA-VADVALA

Exam Time : 2 Hours
Date : 19/05/2020
Marks : 60
Roll No. : ____________

---

**1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** **(Marks - 18)**

1. પ્રાચીન સમયમાં માનવી શેના ઉપર લખાણ કરતો હતો?
   A. કાપડ
   B. કાગળ
   C. ભૂર્જ વૃક્ષની આંતરછાલ
   D. ચામડું
2. નીચેના પૈકી કયો પ્રાચીન ઇતિહાસ જાણવા માટેનો સ્રોત નથી?
   A. અભિલેખો B. તામ્રપત્રો C. ભોજપત્રો D. વાહનો
3. નીચેનામાંથી ક્યાં લખાણો લાંબા સમય સુધી ટકી રહે છે?
   A. અભિલેખો
   B. કાગળ પરનાં લખાણ
   C. કાપડ પરનાં લખાણ
   D. વૃક્ષનાં પાન પર લખેલ લખાણ
4. કયો વિષય આપણને ભૂતકાળ વિશેની માહિતી આપે છે?
   A. ગણિત B. રાજનીતિશાસ્ત્ર C. ઇતિહાસ D. ભૂગોળ
5. ભૂતકાળમાં બનેલી ઘટનાઓની માહિતી મેળવવામાં નીચેનામાંથી કોનો ઉપયોગ થતો નથી?
   A. હસ્તપ્રતો B. તાડપત્રો C. ભોજપત્રો D. તમાલપત્રો
6. હિમાલયમાં થતાં કયાં વૃક્ષોની પાતળી આંતરછાલ ઉપર હસ્તપ્રતો લખવામાં આવતી?
   A. ચીડ B. ભૂર્જ C. દેવદાર D. કેળ
7. પ્રાચીન સમયમાં લખાયેલી હસ્તપ્રતો કઈ જગ્યાએ સચવાયેલી છે ?
   A. સરકારી દફતરમાં
   B. મંદિરો અને મઠોમાં
   C. સચિવાલયમાં
   D. સરકારી તિજોરી(ટ્રેઝરી)માં
8. શિલાઓ અને પથ્થર પર કોતરેલા કે લખેલા લેખને શું કહેવામાં આવે છે?
   A. અભિલેખો B. ભોજપત્ર C. તાડપત્ર D. દસ્તાવેજ
9. કયા શાસકના શિલાલેખો ખૂબ જ જાણીતા છે?
   A. અકબરના B. સિદ્ધરાજ જયસિંહના C. મિહિર ભોજના D. અશોકના
10. પ્રાચીન સમયમાં કોણ પોતાનો આદેશો શિલાઓ પર કોતરાવી પ્રજા સાથે સંવાદ કરતા હતા?
    A. શિકારીઓ B. રાજાઓ C. માછીમારો D. પશુપાલકો
11. તાંબાના પતરા ઉપર કોતરીને લખવામાં આવતા લખાણને શું કહેવાય?
    A. ભોજપત્ર B. તાડપત્ર C. ખતપત્ર D. તામ્રપત્ર
12. ભારતમાં કઈ સદીના પંચમાર્કના સિક્કા મળી આવ્યા છે?
    A. ઈ. સ. પૂર્વે 5મી સદીના
    B. ઈ. સ. ની 2જી સદીના
    C. ઈ. સ.ની 5મી સદીના
    D. ઈ. સ.ની 7મી સદીના

BHAVDIP VADHER

13. ઐતિહાસિક સ્રોતનું અધ્યયન કરનાર કયા નામથી ઓળખાય છે?
    A. ભૂસ્તરશાસ્ત્રી
    B. ખગોળશાસ્ત્રી
    C. આંકડાશાસ્ત્રી
    D. પુરાતત્ત્વશાસ્ત્રી
14. નીચેનામાંથી કોનો પ્રાચીન સમયના વિદેશી મુસાફરમાં સમાવેશ થતો નથી?
    A. સર થૉમસ રોનો B. મેગસ્થનીસનો C. ફાહિયાનનો D. યુઅન સ્વાંગનો
15. ઇતિહાસકારોનાં સંશોધનોથી આપણને ઉત્તર-પશ્ચિમ ભારતમાં કઈ નદીના કિનારે પાંગરેલી મહાન સભ્યતાનાં દર્શન થાય છે?
    A. ગંગાના B. યમુનાના C. સરસ્વતીના D. સિંધુના
16. ભારતમાં કેટલાં વર્ષો પહેલાં અનેક શહેરો અસ્તિત્વમાં આવ્યાં હતાં?
    A. 10,000 વર્ષ પહેલાં B. 4500 વર્ષ પહેલાં C. 8000 વર્ષ પહેલાં D. 2000 વર્ષ પહેલાં
17. ઈરાનીઓ સિંધુ નદીને શું કહેતા હતા?
    A. ગંગેય B. ઇન્ડસ C. હિન્ડોસ D. ઇન્ડિયા
18. ગ્રીસના લોકો સિંધુ નદીને શું કહેતા હતા?
    A. ગંગેય B. ઇન્ડસ C. હિન્ડોસ D. ઇન્ડિયા
19. કયા વેદમાંથી આપણને ભારત નામ જાણવા મળે છે?
    A. ઋગ્વેદમાંથી B. સામવેદમાંથી C. અથર્વવેદમાંથી D. યજુર્વેદમાંથી
20. ઈસવી સનની શરૂઆત ક્યા ધર્મના સ્થાપકના જન્મવર્ષથી કરવામાં આવેલ છે?
    A. જૈનધર્મના B. બૌદ્ધધર્મના C. ખ્રિસ્તી ધર્મના D. ઇસ્લામ ધર્મના
21. ખ્રિસ્તી ધર્મના સ્થાપક કોણ હતા?
    A. ઈસુ ખ્રિસ્ત B. અષો જરથુષ્ટ્ર C. હજરત મહંમદ પયગંબર D. ગૌતમ બુદ્ધ
22. ઈ. સ. 2020 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં કેટલાં વર્ષ?
    A. 20 વર્ષ B. 2020 વર્ષ C. 220 વર્ષ D. 2000 વર્ષ
23. કયા ધર્મના સ્થાપકના જન્મવર્ષને દુનિયામાં સમય સાથે જોડવામાં આવ્યું છે?
    A. ગૌતમ બુદ્ધના
    B. મહાવીર સ્વામીના
    C. ઈસુ ખ્રિસ્તના
    D. હજરત મહંમદ પયગંબરના
24. ઘણી વાર સાલવારીને ADને બદલે કઈ રીતે લખવામાં આવે છે? A B. C. D
    A. C.E B. B.C C. B.C.E. D. ઈ. સ. પૂર્વે
25. ઘણી વાર સાલવારીને BCને બદલે કઈ રીતે લખવામાં આવે છે?
    A. C.E. B. B.C. C. B.C.E. D. ઈસવી સન
26. સામાન્ય કે સાધારણ યુગને અંગ્રેજીમાં ટૂંકમાં કેવી રીતે લખી શકાય?
    A. C.E. B. B.C. C. B.C.E. D. B.P.
27. સામાન્ય કે સાધારણ યુગ પૂર્વેને અંગ્રેજીમાં ટૂંકમાં કેવી રીતે લખી શકાય?
    A. C.E. B. A.D. C. B.C.E. D. B.P.
28. રાજાઓ પોતાના આદેશો આપવા અને પ્રજા સાથે સંવાદ કરવા કયા ઐતિહાસિક સ્રોતનો ઉપયોગ કરતા?
    A. તાડપત્ર B. ભોજપત્ર C. અભિલેખો D. ડાયરી
29. ' ગુજરાતના કચ્છમાં 4000 વર્ષ જૂનું શહેર મળી આવ્યું છે.' તમે આ કેવી રીતે જાણી શક્યા?
    A. ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષોના આધારે
    B. લોકકથા અને દંતકથાના આધારે
    C. નવા શહેરની બાંધણીના આધારે
    D. આપેલ પૈકી એક પણ નહિ

BHAVDIP VADHER

30. તમે નીચેનામાંથી કોને હસ્તપ્રત ગણતા નથી?
A. ભોજપત્રને B. તાડપત્રને C. તામ્રપત્રને D. A અને B બંનેને
31. માનવીના જીવનમાં આવેલાં પરિવર્તનો અને ભૂતકાળની વિગતોથી આપણને કોણ માહિતગાર કરે છે?
A. ઇતિહાસકાર B. ગણિતશાસ્ત્રી C. તર્કશાસ્ત્રી D. આંકડાશાસ્ત્રી
32. એવો કયો ઇતિહાસનો સોત છે કે જેનું લખાણ લાંબા સમય સુધી ટકી રહે છે?
A. તાડપત્રો B. ભોજપત્રો C. શિલાલેખો D. આપેલ A, B અને C ત્રણેય
33. ઇતિહાસના અભ્યાસીઓમાં કોનો સમાવેશ કરી શકાય નહિ?
A. પુરાતત્ત્વશાસ્ત્રીઓ
B. જ્યોતિષો
C. ઈતિહાસકારો
D. પ્રવાસીઓ
34. ઈ. સ. 1947માં આપણો દેશ આઝાદ થયો હતો.' એટલે ઈસવી સન મુજબ કેટલાં વર્ષ થયાં ગણાય?
A. 2000 B. 1947 C. 2047 D. 1847
35. ગૌતમ બુદ્ધનો જન્મ ઈ. સ. પૂર્વે 566માં થયો હતો. એટલે ઈ. સ. 2020માં કેટલાં વર્ષ થયાં ગણાય?
A. 566 વર્ષ B. 2020 વર્ષ C. 2586 વર્ષ D. 2566 વર્ષ
36. જ્યાં અભિલેખાગાર આવેલું હોય તે સ્થળનું નામ જણાવો.
A. બડોલી B. દિલ્લી C. ઇટાવા D. કોહિમા

**2 ખાલી જગ્યા પૂરો** **(Marks - 4)**

37. ઇતિહાસ માનવસમાજના ............... ની માહિતી આપે છે.
38. સામાજિક વિજ્ઞાન આપણને વર્તમાન .............. નો પરિચય કરાવે છે,
39. પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને ઇતિહાસકારો .............. ને આપણી સમક્ષ જીવંત કરે છે.
40. આપણે આપણા દેશને આ બે નામોથી ઓળખીએ છીએ .............. અને ..............
41. પ્રાચીન સમયમાં લોકો તાડના પર્ણ પર .............. લખતા.
42. શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, ગાંધીનગર જિલ્લામાં ............... ખાતે આવેલ છે.
43. ઘણી વાર BP એટલે કે .......... શબ્દનો પણ ઉપયોગ થાય છે.
44. ઇતિહાસકારો ભૂતકાળનું અધ્યયન કરનારા મહત્ત્વના ............... છે.
45. ભારતમાં પ્રાચીન યુગના માનવી વિશેની માહિતી .............. અને .............. પર લખેલી હસ્તપ્રતોમાંથી મળે છે.

**3 નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 10)**

46. ઇતિહાસ આપણને માનવીના જીવનમાં આવેલાં પરિવર્તનોથી માહિતગાર કરે છે.
47. ઇતિહાસ આપણને વર્તમાનકાળના જુદા જ જીવનની સફર કરાવે છે.
48. તાડપત્ર એટલે તાડ વૃક્ષની છાલ પર લખાયેલી હસ્તપ્રત.
49. અશોકનાં ભોજપત્રો ખૂબ જ જાણીતાં છે.
50. પ્રાચીન સમયની હસ્તપ્રતોમાં પ્રાકૃત, સંસ્કૃત અને તમિલ ભાષામાં લખાણો મળે છે.
51. સિક્કા પણ ઇતિહાસ જાણવાનાં અગત્યનાં સાધનો છે.
52. પંચમાર્ક સિક્કા સૌથી જૂના સિક્કા છે.
53. તાડપત્ર અને ભોજપત્ર જેવી હસ્તપ્રતોમાંથી ભારતના અર્વાચીન યુગની માહિતી મળે છે.
54. ઇન્ડિયા શબ્દ ભારત પરથી ઉતરી આવેલો છે.
55. ભરત નામનો માનવસમૂહ દક્ષિણ ભારતમાં આવીને વસ્યો હતો.

**4 જોડકા જોડો** **(Marks - 10)**

BHAVDIP VADHER

56. યોગ્ય રીતે “અ” વિભાગની વિગતોને “બ' વિભાગની વિગતો સાથે જોડી ઉત્તર આપોઃ

| | | |
|---|---|---|
| 1. | અભિલેખ | (1) ઈ. સ. પૂર્વે |
| 2. | ભોજપત્ર | (2) ઈસવીસન |
| 3. | તામ્રપત્ર | ( 3) ભૂર્જ નામના વૃક્ષની છાલ |
| 4. | B.C. | (4) તાંબાના પતરા ઉપર કોતરેલું લખાણ |
| 5. | A.D. | ( 5) પથ્થર કે ધાતુ પર કોતરેલું લખાણ |

57. બંધબેસતાં જોડકાં જોડો.

| | | |
|---|---|---|
| 1. | પુરાતત્ત્વશાસ્ત્રીઓ | (1) Anno Domini |
| 2. | ઈસવી સન. | (2) મંદિરો અને મઠો |
| 3. | ઇન્ડસ | (3) Archaeologist |
| 4. | તામ્રપત્રોનું એક સંગ્રહસ્થાન | (4) સિંધુ |
| 5. | હસ્તપ્રતોનું સંગ્રહસ્થાન | (5) ઇન્સ્ટિટયૂટ ઑફ ઇન્ડોલૉજી,નવરંગપુરા |

**5 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 18)**

58. B.C.નો અર્થ સમજાવો.
59. A.D.નો અર્થ સમજાવો.
60. B.C.E. એટલે શું?
61. ભારતના સૌથી જૂના સિક્કા કયા છે?
62. ઇતિહાસ જાણવાના સ્ત્રોત કયા કયા છે?
63. સામાજિક વિજ્ઞાન આપણને કઈ કઈ બાબતોની જાણકારી આપે છે?
64. સામાજિક વિજ્ઞાનમાં ક્યો વિષય આપણને માનવસમાજના ભૂતકાળની માહિતી આપે છે?
65. પ્રાચીન સમયમાં માનવી લખવા માટે શેનો ઉપયોગ કરતો હતો?
66. હસ્તપ્રતોમાંથી આપણને કઈ કઈ બાબતોની જાણકારી મળે છે?
67. હસ્તપ્રતોમાં કઈ કઈ ભાષામાં લખાણો જોવા મળે છે?
68. કયા ઐતિહાસિક સ્ત્રોત ઉપર લખાયેલાં લખાણો લાંબા સમય સુધી ટકી રહ્યાં છે ?
69. તામ્રપત્ર કોને કહેવામાં આવે છે?
70. રાજાઓ તામ્રપત્રોનો ઉપયોગ કેવી રીતે કરતા હતા?
71. સિક્કાના આધારે કઈ માહિતી મળે છે?
72. તમે જાણતા હોય તેવા ઇતિહાસ જાણવાના સ્ત્રોતો જણાવો.
73. પ્રાચીનકાળમાં ભારતમાં કયા કયા વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા?
74. પ્રાચીન ઈરાન અને ગ્રીસના લોકો ભારતની કઈ નદીથી પરિચિત હતા?
75. આપણા દેશને કયાં બે નામોથી ઓળખવામાં આવે છે?
76. ભરત નામના માનવસમૂહનો ઉલ્લેખ સંસ્કૃતની કઈ કૃતિમાં જોવા મળે છે?
77. ભરત નામના માનવસમૂહે ભારતમાં કઈ જગ્યાએ વસવાટ કર્યો હતો?
78. ઈ. સ. 2020 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં કેટલાં વર્ષ?
79. દુનિયાનો સમય કઈ સાલવારી સાથે જોડવામાં આવ્યો છે?
80. આપણા દેશમાં ઈસવી સન સાલવારીનો ઉપયોગ શા માટે કરવામાં આવે છે?
81. ગંગા નદીનાં આસપાસનાં ક્ષેત્રોમાં આજથી કેટલાં વર્ષ પહેલાં શહેરોનો વિકાસ થયો હતો?
82. ગ્રીસના લોકો સિંધુ નદીના પરિચયમાં કેટલાં વર્ષ પહેલાં આવ્યા હતા?
83. આપણી સમક્ષ ભૂતકાળને કોણ જીવંત કરે છે?
84. ઈરાનીઓ સિંધુ નદીના કયા કિનારાને India -ઈન્ડિયાથી ઓળખતા હતા?

BHAVDIP VADHER

85. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : તાડપત્રો
86. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : ભોજપત્રો
87. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : અભિલેખો
88. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : તામ્રપત્રો
89. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : પંચમાર્ક સિક્કા
90. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : શિલાલેખ
91. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : B.C. (Before Christ)
92. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : A.D. (Anno Domini)
93. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો : B.C.E. (Before Common Era)

**6 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 7)**

94. ઐતિહાસિક કારણ આપોઃ પ્રાચીન સમયમાં રાજાઓ અભિલેખો કે શિલાલેખો કોતરાવતા હતા..
95. ઐતિહાસિક કારણ આપોઃસિક્કા ઇતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે.
96. ઐતિહાસિક કારણ આપોઃ ઇતિહાસકારો ભૂતકાળનું અધ્યયન કરનારા વિદ્વાનો છે.
97. આપણે ઇતિહાસનું અધ્યયન શા માટે કરવું જોઈએ?
98. તામ્રપત્રો એટલે શું? ગુજરાતમાં તે કયાં કયાં સ્થળોએ સચવાયેલાં જોવા મળે છે?
99. ઇતિહાસકારો અને પુરાતત્ત્વશાસ્ત્રીઓ ઇતિહાસનું અધ્યયન કેવી રીતે કરે છે?
100. આપણા દેશનું નામ “ઇન્ડિયા’ અને ‘ભારત' કેવી રીતે પડ્યું?

**7 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 6)**

101. તાડપત્રો અને ભોજપત્રો
102. ટૂંક નોંધ લખો : અભિલેખો
103. ટૂંક નોંધ લખો : સાલવારી

# Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 1

# ANSWERS

Exam Time : 2 Hours
Date : 19/05/2020
Marks : 60

## 1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 18)

1. ભૂર્જ વૃક્ષની આંતરછાલ
2. વાહનો
3. અભિલેખો
4. ઇતિહાસ
5. તમાલપત્રો
6. ભૂર્જ
7. મંદિરો અને મઠોમાં
8. અભિલેખો
9. અશોકના
10. રાજાઓ
11. તામ્રપત્ર
12. ઈ. સ. પૂર્વે 5મી સદીના
13. પુરાતત્ત્વશાસ્ત્રી
14. સર થૉમસ રોનો
15. સિંધુના
16. 4500 વર્ષ પહેલાં
17. હિન્ડોસ
18. ઇન્ડસ
19. ઋગ્વેદમાંથી
20. ખ્રિસ્તી ધર્મના
21. ઈસુ ખ્રિસ્ત
22. 2020 વર્ષ
23. ઈસુ ખ્રિસ્તના
24. C.E
25. B.C.E.
26. C.E.
27. B.C.E.
28. અભિલેખો
29. ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષોના આધારે
30. તામ્રપત્રને
31. ઇતિહાસકાર
32. શિલાલેખો
33. જ્યોતિષો
34. 1947
35. 2586 વર્ષ

BHAVDIP VADHER

36. દિલ્લી

**2 ખાલી જગ્યા પૂરો** **(Marks - 4)**

37. ભૂતકાળ
38. સમાજ જીવન
39. ભૂતકાળ
40. ઇન્ડિયા, ભારત
41. હસ્તપ્રત
42. કોબા
43. Before Present
44. વિદ્વાનો
45. તાડપત્ર, ભોજપત્ર

**3 નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 10)**

46. ખરું (True)
47. ખોટું (False)
48. ખોટું (False)
49. ખોટું (False)
50. ખરું (True)
51. ખરું (True)
52. ખરું (True)
53. ખોટું (False)
54. ખોટું (False)
55. ખોટું (False)

**4 જોડકા જોડો** **(Marks - 10)**

56. (1-5), (2-3), (3-4), (4-1), (5-2)
57. (1 - 3), (2 - 1), (3-4), (4-5), (5 -2).

**5 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 18)**

58. B.C.ને અંગ્રેજીમાં Before Christ કહેવાય, એટલે કે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાંનો સમય. ઉદાહરણ તરીકે, 2000 ઈ. સ. પૂર્વે એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાનાં 2000 વર્ષ.
59. A.D.ને અંગ્રેજીમાં Anno Domini કહેવાય, એટલે કે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં વર્ષો એમ કહેવાય. ઉદાહરણ તરીકે, ઈ. સ. 2000 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં 2000 વર્ષ.
60. B.C.E.ને અંગ્રેજીમાં Before common Era કહેવાય, એટલે કે સામાન્ય કે સાધારણ યુગ પૂર્વે. ઘણી વાર સાલવારીને B.C.ને બદલે B.C.E. તરીકે પણ લખવામાં આવે છે.
61. ભારતમાં ઈ. સ. પૂર્વે 5મી સદીના “પંચમાર્ક' સિક્કા સૌથી જૂના સિક્કા છે.
62. તાડપત્રો, ભોજપત્રો, અભિલેખો, તામ્રપત્રો, સિક્કા, જૂની ઇમારતો, ઈંટો, પથ્થરો. ઓજારો, ખોરાકના નમૂનાઓ, મનુષ્યો અને પ્રાણીઓનાં હાડકાં, પ્રવાસવર્ણનો વગેરે ઈતિહાસ જાણવાના સ્રોતો છે.
63. સામાજિક વિજ્ઞાન આપણને ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, સામાજિક પરિસ્થિતિ, સંસ્થાઓ, રાજનીતિશાસ્ત્ર, વર્તમાન સમાજજીવન વગેરે બાબતોની જાણકારી આપે છે.
64. સામાજિક વિજ્ઞાનમાં ઇતિહાસ આપણને માનવ સમાજના ભૂતકાળની માહિતી આપે છે.
65. પ્રાચીન સમયમાં માનવી લખવા માટે તાડપત્ર કે ભોજપત્રનો ઉપયોગ કરતો હતો.

BHAVDIP VADHER

66. હસ્તપ્રતોમાંથી આપણને પ્રાચીન સમયમાં ભાષા, ધાર્મિક રીતરિવાજો, સામાજિક માન્યતાઓ, રાજાઓની જીવનશૈલી, વિજ્ઞાન, શિક્ષણ, દવાઓ, પ્રાણીઓ વગેરે બાબતોની જાણકારી મળે છે.
67. હસ્તપ્રતોમાં સંસ્કૃત, પ્રાકૃત અને તમિલ ભાષામાં લખાણો જોવા મળે છે.
68. શિલાલેખો અને અભિલેખો જેવા ઐતિહાસિક સ્રોત ઉપર લખાયેલાં લખાણો લાંબા સમય સુધી ટકી રહ્યાં છે.
69. તાંબાના પતરા ઉપર કોતરીને લખવામાં આવેલા લખાણને તામ્રપત્ર કહેવામાં આવે છે.
70. રાજાઓ પોતાનાં વહીવટીતંત્ર અને ધનની માહિતી તાંબાના પતરા ઉપર કોતરાવીને તેનો ઉપયોગ કરતા હતા.
71. સિક્કાના આધારે રાજાનું નામ, તેમનાં ધર્મ અને સંસ્કૃતિ તેમજ જે-તે રાજ્યની સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય માહિતી મળે છે.
72. તાંબા અને સોનાના સિક્કા, ટિકિટો, ઐતિહાસિક ગ્રંથો, ગેઝેટીયર, શિલાલેખો, જુની ઇમારતો, કિલ્લા, હથિયારો,જૂના પોશાકો, તામ્રપત્રો, ભોજપત્રો, તાડપત્રો, દૈનિક નોંધપોથી (ડાયરી), સામયિકો વગેરે ઇતિહાસ જાણવાના સ્રોતો છે.
73. પ્રાચીનકાળમાં ભારતમાં મેગેસ્થનીસ, પ્લિની, ફાહિયાન, યુઅન શવાંગ વગેરે વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા.
74. પ્રાચીન ઈરાન અને ગ્રીસના લોકો ભારતની સિંધુ નદીથી પરિચિત હતા.
75. આપણા દેશને ‘ઇન્ડિયા’ અને ‘ભારત’ એમ બે નામોથી ઓળખવામાં આવે છે,
76. ભરત નામના માનવસમૂહનો ઉલ્લેખ સંસ્કૃતની આરંભિક કૃતિ ઋગ્વેદમાં જોવા મળે છે.
77. ભરત નામના માનવસમૂહે ભારતમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં વસવાટ કર્યો હતો.
78. ઈ. સ. 2020 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં 2020 વર્ષ.
79. દુનિયાનો સમય ઈસવી સનની સાલવારી સાથે જોડવામાં આવ્યો છે.
80. ખ્રિસ્તી ધર્મ વિશ્વનાં મોટા ભાગનાં રાષ્ટ્રો સાથે સંકળાયેલો છે. તેથી અનેક રાષ્ટ્રની જેમ આપણા દેશમાં ઈસવી સનની સાલવારીનો ઉપયોગ કરવામાં આવે છે.
81. ગંગા નદીનાં આસપાસનાં ક્ષેત્રોમાં આજથી 2500 વર્ષ પહેલાં શહેરોનો વિકાસ થયો હતો.
82. ગ્રીસના લોકો આજથી લગભગ 2500 વર્ષ પહેલાં સિંધુ નદીના પરિચયમાં આવ્યા હતા.
83. આપણી સમક્ષ ભૂતકાળને પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને ઇતિહાસકારો જીવંત કરે છે.
84. ઈરાની સિંધુ નદીના પૂર્વ કિનારાને India - ઇન્ડિયાથી ઓળખતા હતા.
85. તાડપત્રો એટલે તાડવૃક્ષના પર્વ પર લખાયેલી હસ્તપ્રતો.
86. ભોજપત્રો એટલે હિમાલયમાં થતાં ભૂર્જ નામનાં વૃક્ષોની પાતળી અંતરછાલ પર લખાયેલી હસ્તપ્રતો.
87. શિલાઓ અને પથ્થરો પર કોતરેલા લેખ અભિલેખ કહેવાય છે.
88. તાંબાના પતરા ઉપર કોતરીને લખવામાં આવેલા લખાણને તામ્રપત્ર કહેવામાં આવે છે.
89. ધાતુના ટુકડાઓની છાપ ઉપસાવવા તેમને બીબામાં મૂકી, દબાણ આપી બનાવાતા સિક્કા ‘પંચમાર્ક સિક્કા તરીકે ઓળખાય છે.
90. શિલાલેખ એટલે પથ્થર પર કોતરીને લખાયેલા લેખ.
91. B.C.ને અંગ્રેજીમાં Before Christ કહેવાય, એટલે કે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાંનો સમય. ઉદાહરણ તરીકે, 2000 ઈ. સ. પૂર્વે એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાનાં 2000 વર્ષ.
92. A.D.ને અંગ્રેજીમાં Anno Domini કહેવાય, એટલે કે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં વર્ષો એમ કહેવાય. ઉદાહરણ તરીકે,ઈ. સ. 2000 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં 2000 વર્ષ.
93. B.C.E.ને અંગ્રેજીમાં Before common Era કહેવાય, એટલે કે સામાન્ય કે સાધારણ યુગ પૂર્વે. ઘણી વાર સાલવારીને B.C.ને બદલે B.C.E. તરીકે પણ લખવામાં આવે છે.

**6 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 7)**

94. પ્રાચીન સમયમાં રાજાઓ પોતાના આદેશો શિલાલેખો કે અભિલેખો પર કોતરાવી પ્રજા સાથે સંવાદ કરતા હતા. તેઓ તેમનાં વિજય, ધર્મ અને સંસ્કૃતિની માહિતી અભિલેખો પર અંકિત કરાવતા હતા. વળી, શિલાલેખો કે અભિલેખો પર લખાયેલાં લખાણો લાંબા સમય સુધી ટકી રહેતાં હતાં. આથી પ્રાચીન સમયમાં રાજાઓ અભિલેખો કે શિલાલેખો કોતરાવતા હતા.

BHAVDIP VADHER

95. સિક્કા પર જે-તે સમયના રાજાનું નામ, તેનાં ધર્મ અને સંસ્કૃતિ જેવી માહિતી જોવા મળે છે. સિક્કાઓના આધારે જે-તે રાજ્યની સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય માહિતી જાણવા મળે છે. ગ્રીક, મૌર્યકાળ અને ગુપ્તયુગના સમયની ઘણી બધી માહિતી મેળવવામાં સિક્કાઓ ઉપયોગી બન્યા છે. આમ, સિક્કા એ ઇતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે,

96. ઇતિહાસકાર માહિતી એકઠી કરી તેનું વર્ગીકરણ કરીને સંશોધન કરે છે. તાડપત્ર અને ભોજપત્ર જેવી હસ્તપ્રતો તથા અભિલેખોમાંથી માહિતી એકત્રિત કરીને તે એનું યોગ્ય રીતે આલેખન કરે છે. આ ઉપરાંત, ઇતિહાસકારો ઇતિહાસને જીવંત કરવા ઐતિહાસિક સ્રોતનો ઉપયોગ કરીને તે સમયની ચોક્કસ માહિતી આપે છે. તેઓ ઐતિહાસિક સ્રોતની જાસૂસની જેમ અભ્યાસ કરે છે. આમ, ઇતિહાસકારો ભૂતકાળનું અધ્યયન કરનારા વિદ્વાનો છે.

97. ઇતિહાસ માનવસમાજના ભૂતકાળની માહિતી આપે છે. આપણા પૂર્વજો કેવા હતા? તે ક્યાં રહેતા હતા? તેઓ શું ખાતા હતા? વગેરેની માહિતી ઇતિહાસના અધ્યયનથી મળે છે. તેમના જીવનની અનેક મહત્ત્વપૂર્ણ બાબતોના આધારે માનવીના જીવનમાં આવેલાં પરિવર્તનોની માહિતી આપણને ઈતિહાસના અધ્યયનથી જાણવા મળે છે, ઇતિહાસ આપણને એક યુગમાંથી બીજા અને બીજામાંથી ત્રીજા એમ અનેક યુગોના માનવજીવનનાં રીતરિવાજો, માન્યતાઓ તેમજ તેમના ખોરાક અને પોશાક વિશે માહિતી આપે છે. આથી આપણે માનવસમાજના ભૂતકાળને જાણવા માટે ઇતિહાસનું અધ્યયન કરવું જોઈએ.

98. તામ્રપત્ર એટલે તાંબાના પતરા ઉપર કોતરીને લખવામાં આવતું લખાણ. રાજાઓ પોતાની વહીવટી વિગતો અને દાનની માહિતી તામ્રપત્રો ઉપર કોતરાવતા. ગુજરાતમાં આવાં તામ્રપત્રો મોટી સંખ્યામાં મળી આવ્યાં છે. તેમાં હેમચંદ્રાચાર્ય લાઇબ્રેરી (ઉત્તર ગુજરાત – પાટણ), અમદાવાદની એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજી, ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન (નવરંગપુરા – અમદાવાદ), શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર (કોબા – ગાંધીનગર) જેવાં સ્થળોએ સચવાયેલાં જોવા મળે છે.

99. ઇતિહાસ જાણવા ઇતિહાસકારો અને પુરાતત્ત્વશાસ્ત્રીઓ સંશોધન કરીને માહિતી આપે છે. તેઓ પ્રાચીન સ્થળો પર જઈ ઉખનન કરીને મકાનો, સિક્કા, ઈંટો, પથ્થરો, ઓજારો, ખોરાકના નમૂના, મનુષ્યો અને પ્રાણીઓનાં હાડકાં વગેરે ઐતિહાસિક સ્રોતોને શોધીને તેનો અભ્યાસ કરે છે. તેઓ એ સમયની સંસ્કૃતિથી આપણને માહિતગાર કરે છે. ઇતિહાસકારો તેમને મળી આવેલા ઐતિહાસિક સ્રોતોનું વર્ગીકરણ કરીને માહિતી એકત્રિત કરે છે અને પછી યોગ્ય રીતે તેનું આલેખન કરે છે. આ રીતે પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને ઇતિહાસકારો ભૂતકાળને આપણી સમક્ષ જીવંત કરે છે,

100. આપણા દેશને બે નામથી ઓળખવામાં આવે છે : ઇન્ડિયા' અને 'ભારત, ઇન્ડિયા શબ્દ 'ઈન્ડસ' પરથી ઊતરી આવેલો છે, જેને સંસ્કૃત ભાષામાં સિંધુ કહેવાય છે. ઈરાનીઓ સિંધુ નદીને હિન્ડોસ અને ગ્રીસના લોકો ઈન્ડસ કહેતા. તેઓ સિંધુ નદીના પૂર્વ કિનારાને India - ઇન્ડિયાથી ઓળખતા. આથી લાંબા સમયે આપણો દેશ 'ઇન્ડિયા' નામથી ઓળખાયો; જ્યારે ભારત નામ ઋગ્વેદમાંથી જાણવા મળે છે. ભરત નામનો માનવસમૂહ ઉત્તર-પશ્ચિમ ભારતમાં આવીને વસેલો હતો. તેમના નામ પરથી આપણો દેશ 'ભારત' તરીકે ઓળખાય છે.

**7 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 6)**

101. તાડપત્રો એટલે તાડવૃક્ષના પર્ણ પર લખાયેલી હસ્તપ્રતો,પ્રાચીન સમયમાં માનવી લખવા માટે તાડપત્રો કે ભોજપત્રોનો ઉપયોગ કરતો. તે હસ્તપ્રતો કહેવાય છે. ભોજપત્ર એટલે હિમાલયમાં થતાં ભૂર્જ નામનાં વૃક્ષોની પાતળી આંતરછાલ ઉપર લખાયેલ હસ્તપ્રતો. તાડપત્રો અને ભોજપત્રો જેવી હસ્તપ્રતોમાંથી આપણને પ્રાચીન સમયની ભાષા અને જીવન જીવવાની પદ્ધતિની જાણકારી મળે છે. તેમાં ધાર્મિક રીતરિવાજો, સામાજિક માન્યતાઓ, રાજાઓની જીવનશૈલી, વિજ્ઞાન, શિક્ષણ, દવાઓ અને પ્રાણીઓ વિશે માહિતી મળે છે. હસ્તપ્રતો મંદિરો અને મઠોમાં સચવાયેલી છે. તેમાં સંસ્કૃત, પ્રાકૃત અને તમિલ ભાષામાં લખાણો મળે છે. કવિતા, નાટકો, વાર્તાઓ અને મહાકાવ્યો પણ તાડપત્રો અને ભોજપત્રો પર લખાયેલાં મળી આવ્યાં છે.

102. શિલાઓ અને પથ્થરો પર કોતરેલા કે લખેલા લેખ અભિલેખ કહેવાય છે. આપણે અભિલેખોમાંથી ઇતિહાસ જાણી શકીએ છીએ. કેટલાક અભિલેખો ધાતુ પર પણ મળી આવ્યા છે. પ્રાચીન સમયમાં રાજાઓ પોતાના આદેશો શિલાઓ પર કોતરાવી પ્રજા સાથે સંવાદ કરતા હતા. પ્રાચીન ભારતના અનેક રાજાઓ અને રાણીઓ તેમનાં રાજ્ય, વિજય, ધર્મ અને સંસ્કૃતિની માહિતી અભિલેખો પર કોતરાવતા હતા. આવા શિલાલેખો અને અભિલેખો પર લખાયેલાં લખાણો લાંબા સમય સુધી ટકી રહે છે. સમ્રાટ અશોકના શિલાલેખો ખૂબ જ જાણીતા છે.

103. ઇતિહાસમાં સમયનું ખૂબ જ મહત્ત્વ છે, ઇતિહાસની ઘટનાઓ સમય અને સ્થાનની સાથે જ લખી શકાય છે, સમયને તારીખ, માસ અને વર્ષ સાથે જોડીને સમજીએ છીએ. જેમ કે, 5 નવેમ્બર, 1968ને ગુરુવાર. ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્તના જન્મને દુનિયામાં સમય સાથે જોડવામાં આવ્યો છે, જેને આપણે આજે ઈસવી સન કહીએ છીએ. અંગ્રેજીમાં A.D. -Anno Domini એટલે કે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં વર્ષો એમ કહેવાય. દા. ત., ઈ. સ. 1947 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં 1947 વર્ષ. એ જ રીતે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાંના સમયગાળાને ઈસવી સન પૂર્વે કહેવામાં આવે છે. દા ત., ઈ. સ. પૂર્વેની ત્રીજી સદીનો સમયગાળો એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાંનાં 2300 વર્ષ, ઘણી વાર સાલવારીને A.Dને બદલે C.E. (સામાન્ય કે સાધારણ યુગ) અને B.C.ને બદલે B.C.E. (સામાન્ય કે સાધારણ યુગ પૂર્વે) તરીકે પણ લખવામાં આવે છે.